Criminal case no 3962/2021

ક્રીમીનલ કેસ નંબર ૩૯૬૨/૨૧

:: **<u>આંકઃ૧ લગત હુકમ</u>** ::

(૧) ફરીયાદી ગેરહાજર , તેમના તરફે વિ.વ.શ્રી ગેરહાજર.
ફરીયાદીશ્રી દ્રારા આ ફરીયાદી નેગો.ઈ.એ.ની કલમઃ૧૩૮,૧૪૨ અન્વયેના ગુના સબબ હાલની આ ફરીયાદ તા.૨૦.૦૮.૨૦૨૧ના રોજ દાખલ કરેલ છે.

(૨) આ કામે રેકર્ડ જોતાં આ કામ ફરીયાદી તરફે અપાયેલ આંક–૧૭ ની અરજી તે તારીખ ૧૯.૪.૨૫ ના હુકમ મુજબ ફરીયાદીએ પ્રોસેસ નો હાથબીડો મેળવવા માટે છેલ્લે પેન્ડીંગ રહેલ હતુ. આ કામે અગાઉ પણ આ જ સરનામા પર ઈસ્યુ કરેલ પ્રોસેસ આ સરનામા પર આ ઈસમ નહી રહેતા હોવાના હીસાર પોલીસ સ્ટેશન ના શેરા સાથે તારીખ ૬.૧૦.૨૩ ની મુદત તારીખ નુ વોરંટ હીસાર પોલીસ સ્ટેશન ના પત્ર સાથે વગર બજે પરત આવેલ હતુ. એ જ સમાન શેરા(તા. ૬.૧૧.૨૪ ) સાથે તારીખ ૧૪.૧૧.૨૪ ની મુદત નુ વોરંટ પણ વગર બજે પરત આવ્યા બાદથી પણ આ કામે ફરીયાદી તરફે આંક–૧૭ મુજબ નો પ્રોસેસ નો હાથબીડો મેળવવાની અરજી રજુ થયેલ .જે મંજુર થયેલ હોવા છતા તે હાથબીડો મેળવવા માટે ફરીયાદી આજદીન સુધી આ અદાલત સમક્ષ હાજર રહેલ નથી.

– આ કામે ફરીયાદમા જણાવેલ સરનામા પર ના વોરંટો વગરબજે પરત આવ્યા બાદથી પણ આ કામે ફરીયાદી તરફે નવુ સરનામુ રજુ થયેલ નથી.

– હાથબીડાની અરજી મંજુર થયા બાદથી પાચ મુદતો દરમયાન ફરીયાદ અદાલત સમક્ષ હાજર નથી કે કોઈ કાર્યવાહી કે અરજી કરેલ નથી.

– આ કામે પ્રોસેસ નો હાથબીડો તૈયાર હોવા છતા ફરીયાદી એ બજવણી હેતુ તે મેળવેલ નથી.

– ફરીયાદી તરફે પોતાની આટલા સમય સુધી ની ગેરહાજરી બાબતે યોગ્ય કારણ દર્શાવતી કોઈ મુદત અરજી કે રીપોર્ટ રજુ કરેલ નથી.

આ કામે ન્યાય ના હીતમા ફરીયાદી ને વગર કોઈ અરજી , કે મુદત રીપોર્ટ વગર જ મુદત મળેલ હોવા છતા ફરીયાદી આ કામે પોતાની ફરીયાદ અરજી હોવા છતા બેદરકાર

રહેલ છે. આમ ફરીયાદીને અનેકાનેક તકો આપવા છતા આજદીન સુધી સદર બજવણી કરાવવા કોઈ પ્રયત્ન કરેલ નથી.આમ,આજદીન સુધી સદર કેસ ફરીયાદીની કસુરના કારણે એકજ તબકકે પડી રહેલ છે.

(૪) આમ, માત્ર કોઈ અરજી કે કેસ અદાલતમા પેન્ડીગ રહેલ છે તેટલા માત્રથી રેકર્ડસ નીયમીત કરવાની જવાબદારી જે તે અદાલતનીજ ના ઠરાવી શકાય ,પોત–પોતાના તબકકે પોતાના પુરાવા અથવા તો દસ્તાવેજો રજુ કરી તે રેકર્ડ પર પુરાવા તરીકે ગ્રાહય રહે તે જોવાની જવાબદારી અદાલત કરતા વીશેષ બંને પક્ષકારો પર રહે છે. તથા રેકર્ડ નીયમીત કરવા માટેની યોગ્ય કાર્યવાહી કરવાની જવાબદારી આ અદાલતની સાથે સાથે કોર્ટ અધિકારી તરીકે બંને પક્ષકારોના વિધ્વાનવકીલશ્રીઓની પણ બને છે.જે આ રેકર્ડ વંચાણે લેતા ફરીયાદી પક્ષે દરકાર લીધેલ હોય, તેમ જણાય આવતુ નથી.

વધુમા માત્ર અરજીઓ કરવી અથવા તો દર મુદતે અરજી રજુ કરી દેવી, અથવા તો હાજર રહેવુ એને જ આ કામે કાર્યવાહી કરવાના પુરતા પ્રયત્નો કહી ના શકાય. કેસના તબકકા વાર કાયદામાન્ય પધ્ધતી મુજબની અરજી કરવી , અને તે મુજબ ના પ્રયત્ન કરવાથી કેસમા આગળ ધપી શકાય જે અહી આગળ ઉપર ચર્ચા કરી તે મુજબ કોઈ પણ પ્રક્રીયા ફરીયાદીએ કરેલ નથી.

(૫) વધુમાં ફરીયાદ પક્ષે આજરોજ હાજર નથી. આ કામે પુરતો સમય માત્ર આ જ હેતુસર અપાયેલ હોવા છતા આજ તબકકે ફરીયાદીના કસુરના કારણે પડી રહેલ છે. અને તેમા લેશમાત્ર પ્રગતિ થયેલ નથી. અને આજ રીતે તેને વધુ સમય મુકી રાખવામાં આવે તો તેનો કોઈ જ અર્થ સરે તેમ નથી અને બીન જરૂરી અદાલતની કામગીરી વધે તેમ છે.

(૬) આમ,સદર કેસનું રેકર્ડ જોતાં આ કામના ફરીયાદી પોતાનો કેસ આગળ ધપાવવા તથા જરુરી કામગીરી કરવા પાચ માસ ઉપરાત ના સમયથી હાજર રહેતા ના હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.નામદાર સુપ્રિમ અદાલત દ્વારા એસ.રામા ક્રીશ્રના રેડડી વી. એસ.રામી રેડડી (એ.આઈ.આર ૨૦૦૮ એસ.સી.૨૦૬૬ ) ના ચુકાદામા ઠરાવેલ છે કે, ફરીયાદીને પોતાની ફરીયાદ કોઈપણ નીયત કારણ વીના અનીશ્ચીત સમય સુધી યથાવત પડી રાખવા દઈ શકાય નહી.

એજ રીતે નામ ઉપરી અદાલતે ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વીરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

ક્રીમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ના તા. ૧૮.૧૦.૨૦૧૦ ના ચુકાદામા ઠરાવ્યા મુજબ જો ફરીયાદી પોતાની ફરીયાદમા યોગ્ય પ્રક્રીયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામા નીષ્ફળ જાય તો, તેવા કીસ્સામા અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીમસીસ ફોર ડીફોલ્ટ કરવી. જે ચુકાદામા ઠરાવેલ સીધ્ધાંત આ કેસમા લાગુ પડતા છે.

(૭) આ અગાઉ પણ ન્યાયનાહિતમાં કોઈપણ પ્રકારના મુદત રીપોર્ટ કે રજુઆત વિના ફરીયાદીને વધુ તક આપવાના ઈરાદે આજરોજ કામ મુલતવી રાખવામાં આવેલ હતું. આમ છતાં આજરોજ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલા નથી કે કોઈ રીપોર્ટ કે રજુઆત કરેલ નથી. આમ ફરીયાદીને આ ફરીયાદ અંગે કોઈ જ ગંભિરતા નથી. અને તેમને રસ હોય તેમ પણ જણાઈ આવતું નથી. નહી તો રુ.૧,૮૧,૫૬૯/– જેટલી લેણી રકમ હોવા છતા, ફરીયાદી આજદીન સુધી શા માટે નિષ્ક્રીય રહેત ? સદર પ્રશ્ન આજે પણ નિરૂતર છે.

(૮) આમ સદર કેસમાં ફરીયાદી કોર્ટમાં હાજર રહેતા ન હોય કે પોતાનો કેસ આગળ ધપાવવા તથા જરુરી કામગીરી કરવા કોઈ જ પ્રયત્ન કરેલા ન હોય તથા તેમને હાલના કેસમાં રસ ન હોય અને **આ કેસ સને ૨૦૨૧મા દાખલ થયેલ ૪ વર્ષ જુની મેટર હોવા છતા આરોપી પર બજવણીના તબકકે જ રહેલ હોય,**હાલની ફરીયાદ તેમની આ પ્રકારની નિરસતા, નિષ્ક્રીયતા, બેદરકારીના કારણે હાલની ફરીયાદ ફરીયાદ પક્ષે ફોર વોન્ટ ઓફ પ્રોસીકયુશન કાઢી નાંખવા પાત્ર જણાતી હોય ન્યાય ના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**હુકમ**

ફરીયાદીની સદરહું ખાનગી ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીના કારણે તથા ફરીયાદીની નિરસતા અને નિષ્ક્રીયતાને કારણે કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫–૧૧–૨૦૨૫
ગાંધીનગર.

(એફ.એન.સોલંકી)
ત્રીજા અધીક જે.એમ.એફ.સી–ગાંધીનગર
(જજ કોડ–જીજે.૦૧૫૫૨)